a

# ખાસ શિક્ષણ

# વાલીઓ અને વિદ્યાર્થીઓ માટે સંવાદ માર્ગદર્શિકા

## જો મને કોઇ ચિંતા હોય તો, મારે ક્યાંથી શરુ કરવું?

વિદ્યાર્થીની સફળતા એ પ્રાથમિકતા છે. વાલીઓ, વિદ્યાર્થીઓ અને ટેકારૂપ ટીમો વિદ્યાર્થીની સફળતા માટે સાથે મળીને કામ કરે છે.

શરુ કરવા માટેનો શ્રેષ્ઠ જગ્યા આ મુદ્દા સાથે સૌથી નજીકથી સંકળાયેલ વ્યક્તિ સાથે જોડાવાનો છે (દા.ત. વર્ગશિક્ષક, ખાસ શિક્ષણ સંસાધન શિક્ષક (special education resource teacher- SERT), બસ ડ્રાઇવર, વગેરે). મુદ્દાઓ કે ચિંતાઓના ઉકેલમાં સહાય માટે, તમારે:

- પરિસ્થિતિ વિષે શક્ય એટલી વધુ માહિતી મેળવવી જોઇએ; અને
- શાળાનો સંપર્ક કરવો જોઇએ અને તમારી ચિંતા અંગે ચર્ચા કરવા માટે સ્ટાફના સભ્ય (સભ્યો) સાથે બેઠક ગોઠવવી જોઇએ.

અર્થપૂર્ણ અને હેતુસભર વાતચીતથી મોટાભાગના મુદ્દાઓનો ઉકેલ લાવી શકાય છે. સંવાદના વિકલ્પ ખુલ્લા રાખવા એ શ્રેષ્ઠ વ્યૂહરચના છે.

## મારા બાળકના પ્રોગ્રામ અથવા વિશેષ શિક્ષણ સેવાઓ વિષેની મારી ચિંતાઓ જણાવવામાં, વાલી તરીકે, હું શું ભૂમિકા ભજવી શકું?

તમારી ચિંતા જણાવવામાં તમારી સહભાગિતાને અમે આવકારીએ છીએ.

**1. તમારા અભિગમની યોજના બનાવો.**

- તમારી માહિતી એકઠી કરો.
- તથ્યો વિષે સમયથી પહેલાં સ્પષ્ટતા કેળવો.
- તમે જેના પર ભાર મૂકવા માગો છો તેને વ્યવસ્થિત કરો.
- તમે કયા પ્રશ્નો પૂછવા માગો છો એ જાણો.

**યાદ રાખો:**

- યૉર્ક વિસ્તારમાં કોઇ એવી એજન્સી/સંગઠનનો સંપર્ક કરવો મદદરુપ થઇ રહેશે જે ખાસ જરૂરિયાતોવાળા બાળકો અને કુટુંબોની મદદ કરતા હોય.
- તમે કોઇ મિત્ર કે વકીલનો સાથ કોઇ પણ સમયે લઇ શકો છો. તમારી ચિંતા જણાવવામાં તેમની સહભાગિતાને અમે આવકારીએ છીએ.

**વાલી માર્ગદર્શિકાઓ**

બીજા સંસાધનો પણ છે જેમાં તમને રસ પડી શકે છે:

- ઓળખવિધિ, નિયુક્તિ અને સમીક્ષા સમિતિ (IPRC) અંગેની વાલીની માર્ગદર્શિકા
- વ્યક્તિગત શિક્ષણ યોજના (IEP) વાલીઓ માટેની માર્ગદર્શિકા
- ખાસ જરૂરિયાતોવાળા વિદ્યાર્થીઓ માટે સહાયક ટેક્નૉલોજિ અને ઉપકરણો માટે ખાસ શિક્ષણ નાણાંસહાય અંગેની વાલીઓ માટેની માર્ગદર્શિકા (અત્યારે ફક્ત અંગ્રેજીમાં જ ઉપલબ્ધ છે)

**2. સ્કૂલ સ્ટાફ સાથે વાતચીત કરો**

- હકારાત્મક રહો.
- એક સમયે એક અથવા બે મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કરો.
- તમારા બાળકને લગતી એવી કોઇ માહિતી જે તમને અગત્યની લાગે તે અમને શેર કરો.
- બહારના સ્રોતોથી તમે એકઠી કરી હોય અને જે શાળામાં પ્રોગ્રામિંગના નિર્ણયોમાં મદદરુપ થઇ શકતી હોય એવી કોઇ માહિતી આપો.
- સાંભળવામાં સક્રિય રહો – ચર્ચામાં દરેક વ્યક્તિ પાસે આપવા માટે અગત્યની માહિતી હોય છે.
- જે ઉકેલ તમે જોવા માગો છો તેમના વિષે થોડું વિચારી જુઓ.
- આગળના પગલાંનું આયોજન સાથે મળીને કરો.
- ચર્ચાની બાબતો અને લેવાયેલ નિર્ણયો નોંધો.

**યાદ રાખો:**

- તમારી ચિંતા અગત્યની છે – ઘણીવાર શ્રેષ્ઠ ઉકેલ મેળવતા સમય લાગે છે.
- સંવાદ કરતા રહો – સંવાદ કરતા રહેવું જરૂરી છે.

## મંડળ (બોર્ડ)ના કર્મચારીઓનો સંપર્ક હું કઇ રીતે કરી શકું?

**શિક્ષણ કેન્દ્ર ઑરોરા**

| આમાંથી કૉલ કરી રહ્યાં છે: | સ્વિચબોર્ડ | ઑટોમૅટેડ (સ્વયંચાલિત) |
|---|---|---|
| ઑરોરા ઍન્ડ કિંગ | 905-727-3141 | 905-727-0022 |
| ન્યૂમાર્કેટ ઍન્ડ ઇસ્ટ ગ્વિલ્લિમ્બરી | 905-895-7216 | 905-895-7227 |
| જ્યોર્જિના | 905-722-3201 | 905-722-6255 |
| માર્કહામ, રિચમોન્ડ હિલ, વૉન, વ્હિચર્ચ-સ્ટૉફવિલે | 416-969-8131 | 416-969-7170 |

| વારંવાર કૉલ કરેલું નંબર્સ | ફોન નંબર |
|---|---|
| શિક્ષણ અને સમુદાય સેવાઓ | 905-727-0022, એક્સટેન્શન 2266/2555 |
| વિદ્યાર્થી સેવા સંયોજક: | |
| નૉર્થ | (905) 895-5155 |
| સેન્ટ્રલ | (905) 884-4477 |
| ઈસ્ટ | (905) 940-7800 |
| વેસ્ટ | (905) 764-6830 |

| | |
|---|---|
| ખાસ શિક્ષણ | (905) 727-0022, એક્સટેન્શન 3235 |
| વિદ્યાર્થી પરિવહન સેવાઓ | (905) 713-3001, એક્સટેન્શન 4551 |
| ટ્રસ્ટી સેવાઓ | 905-727-0022, એક્સટેન્શન 2327/2262 |
| શિક્ષણ મંત્રાલય | (416) 325-2929 અથવા 1-800-387-5514 |

## જો મને એવું ન લાગે કે મારી ચિંતા પ્રત્યે પૂરતું ધ્યાન અપાયું છે તો પછી શું?

તમારા બાળકને લગતી સમસ્યાઓ ઉકેલવાની તમારી ચિંતા અમે સમજી શકીએ છીએ. જો તમને લાગે કે તમારી ચિંતા પ્રત્યે પૂરતું ધ્યાન અપાયું નથી તો આ પગલાં અનુસરો અને નીચેના ચાર્ટમાં દર્શાવેલ નજીકની વ્યક્તિ સાથે વાત કરોઃ

# પ્રાથમિક શાળાઓ

**શિક્ષક**

તમામ વિદ્યાર્થીઓ માટે ટેકો અને/અથવા કાર્યક્રમ પૂરો પાડે છે

**SERT**

ખાસ શિક્ષણ ટેકો અને/અથવા કાર્યક્રમ પૂરો પાડે છે

**આચાર્ય/ઉપ-આચાર્ય**

વિદ્યાર્થીની પ્રગતિ માટે જવાબદાર

**વિદ્યાર્થી સેવા સંયોજક**

સામુદાયિક શિક્ષણ કેન્દ્ર ખાતે સ્થિત ખાસ શિક્ષણ, ઓળખવિધિ અને કાર્યક્રમો માટે ટેકો પૂરો પાડે છે

**શિક્ષણ અધીક્ષક**

સામુદાયિક શિક્ષણ કેન્દ્ર ખાતે સ્થિત. તમામ શાળાઓના રોજિંદા સંચાલન માટે જવાબદાર

**સહ નિયામકો**

સામુદાયિક શિક્ષણ કેન્દ્ર ખાતે સ્થિત

શિક્ષણ અને સામુદાયિક સેવાઓ માટે જવાબદાર

**નિયામકની કચેરી**

સામુદાયિક શિક્ષણ કેન્દ્ર ખાતે સ્થિત

શિક્ષણ અને સામુદાયિક સેવાઓ માટે જવાબદાર

**ટ્રસ્ટી મંડળ**

યોર્ક વિસ્તારમાં તમામ જાહેર શાળાઓના સંચાલનની નીતિ ઘડે છે

**શિક્ષણ મંત્રાલય**

ઓન્ટારિયોમાં જાહેર ભંડોળથી ચાલતી પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ શાળાઓની શિક્ષણ પ્રણાલીનો વહીવટ કરે છે

# માધ્યમિક શાળાઓ

**શિક્ષક**

તમામ વિદ્યાર્થીઓ માટે ટેકો અને/અથવા કાર્યક્રમ પૂરો પાડે છે

**SERT**

ખાસ શિક્ષણ સંબંધિત ટેકો અને/અથવા કાર્યક્રમ પૂરા પાડે છે

**ખાસ શિક્ષણ વિભાગના વડા**

**આચાર્ય/ઉપ-આચાર્ય**

વિદ્યાર્થીની પ્રગતિ માટે જવાબદાર

**વિદ્યાર્થી સેવા સંયોજક**

સામુદાયિક શિક્ષણ કેન્દ્ર ખાતે સ્થિત. ખાસ શિક્ષણ, ઓળખવિધિ અને કાર્યક્રમો માટે ટેકો પૂરો પાડે છે

**શિક્ષણ અધીક્ષક**

સામુદાયિક શિક્ષણ કેન્દ્ર ખાતે સ્થિત. તમામ શાળાઓના રોજિંદા સંચાલન માટે જવાબદાર

**સહ નિયામકો**

સામુદાયિક શિક્ષણ કેન્દ્ર ખાતે સ્થિત

શિક્ષણ અને સામુદાયિક સેવાઓ માટે જવાબદાર

**નિયામકની કચેરી**

સામુદાયિક શિક્ષણ કેન્દ્ર ખાતે સ્થિત

શિક્ષણ અને સામુદાયિક સેવાઓ માટે જવાબદાર

**ટ્રસ્ટી મંડળ**

યોર્ક વિસ્તારમાં તમામ જાહેર શાળાઓના સંચાલનની નીતિ ઘડે છે

**શિક્ષણ મંત્રાલય**

ઓન્ટારિયોમાં જાહેર ભંડોળથી ચાલતી પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ શાળાઓની શિક્ષણ પ્રણાલીનો વહીવટ કરે છે

## મારા બાળકની જરૂરિયાતો માટે મને સહાય કરે એવા કયા સંસાધનો ઉપલબ્ધ છે?

યૉર્ક વિસ્તારમાં ખાસ શિક્ષણ સલાહકાર સમિતિ (Special Education Advisory Committee - SEAC) અસામાન્ય શિક્ષણ જરૂરિયાતોવાળા તરીકે ઓળખાયેલા વિદ્યાર્થીઓની જરૂરિયાત પ્રમાણેના કાર્યક્રમો અને સેવાઓ વિષે બોર્ડને સલાહ આપવામાં મહત્વની ભૂમિકા ભજવે છે.

SEAC ખાસ શિક્ષણ કાર્યક્રમો અને સેવાઓની સ્થાપના અને વિકાસ સંબંધિત ભલામણો બોર્ડને કરી શકે છે. SEACમાં ઘણી એજન્સીઓ અને મંડળીઓને પ્રતિનિધિત્વ મળ્યું છે અને તે પૈકીની દરેક વાલીઓને સહાય અને સંસાધનો પૂરા પાડે છે.

**તમે www.yrdsb.ca પર SEAC અંગેની માહિતી ઍક્સેસ કરી શકો છો અને ખાસ શિક્ષણ પસંદ કરી શકો છો.**

બોર્ડની SEACમાં હાલમાં નીચે જણાવેલ એજન્સીઓ અને સંગઠનોને પ્રતિનિધિત્વ મળ્યું છે:

- એસોસિયેશન ફૉર બ્રાઇટ ચિલ્ડ્રન્સ - યૉર્ક વિસ્તાર ઉત્તર
- એસોસિયેશન ફૉર બ્રાઇટ ચિલ્ડ્રન્સ - યૉર્ક વિસ્તાર દક્ષિણ
- ઑટિઝમ ઓન્ટારિયો - યૉર્ક વિસ્તાર
- ચિલ્ડ્રન્સ ટ્રીટમેન્ટ નેટવર્ક
- કમ્યૂનિટિ લિવિંગ સેન્ટ્રલ યૉર્ક
- કમ્યૂનિટિ લિવિંગ જ્યોર્જિના
- ડાઉન સિન્ડ્રોમ એસોસિએશન ઑફ યૉર્ક રિજન
- અર્લી ઇન્ટરવેન્શન સર્વિસિઝ ઑફ યૉર્ક રિઝન
- ઇસ્ટર સીલ્સ ઓન્ટારિયો
- લર્નિંગ ડિસેબિલિટી એસોસિયેશન - યૉર્ક વિસ્તાર
- VIEWS ફૉર ધ વિઝ્યુઅલી ઇમ્પેયર્ડ
- VOICE ઑફ હિયરિંગ ઇમ્પેયર્ડ ચિલ્ડ્રન
- યૉર્ક સાઉથ એસોસિએશન ફૉર કમ્યૂનિટિ લિવિંગ
- યૉર્ક સપોર્ટ સર્વિસિઝ નેટવર્ક

Inspire Learning!

www.yrdsb.ca @YRDSB